# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૨૭-૬-૨૦૨૩

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શક્તિસિંહજી ગોહિલના સૂચન અનુસાર જામનગર ખાતે કાર્યકારી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી ઈન્દ્રવિજયસિંહજી ગોહિલના નેતૃત્વમાં પ્રદેશ પ્રતિનિધિ મંડળ દ્વારા જામનગર ખાતે આવેલી સાધના કોલોનીમાં બનેલ દુઃખદ અકસ્માતની સ્થળ મુલાકાત કરવામાં આવેલ હતી. હાઉસિંગ બોર્ડની આવાસ કોલોનીમાં સરકારની બેદરકારીના લીધે મકાન ધરાશાય થતાં અકસ્માત સર્જાયેલ હતો જેમાં ત્રણ લોકોના મૃત્યુ થયાં હતાં અને ચાર વ્યક્તિ ઘાયલ થયાં હતાં. મૃતકોના પરિવારજનોને સાંત્વના આપવા ગુજરાત કોંગ્રેસનાં પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી, ત્યારબાદ ઘટનાસ્થળે જઈને રૂબરૂ મુલાકાત લીધી અને ત્યાંના સ્થાનીક રહેવાસીઓની વ્યથા સાંભળી હતી. મૃતકના પરિવારજનોને દસ લાખનું વળતર અને ઘાયલ લોકોનાં પરિવારજનોને પાંચ લાખનું વળતર મળે તેવી કોંગ્રેસ પક્ષ સરકાર સમક્ષ માંગ કરશે તેમજ કોંગ્રેસ પક્ષ દ્વારા મૃતકોની 2 દીકરીઓને રૂપિયા 51000 રૂપિયા આર્થિક સહાય આપવામાં આવશે. તેમજ હાલમાં સાધના કોલોનીમાં જર્જરીત આવાસ ના મકાનોમાં રહેતાં પરિવારોને સલામત સ્થળે ખાલી આવાસ યોજનાની અંદર સ્થળાંતર કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ પ્રતિનિધિ મંડળ દ્વારા બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને સર્વે કરવામાં આવેલ હતો.

આ મુલાકાત દરમિયાન શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી જીવણભાઈ કુંભારવાડીયા, વિરોધ પક્ષનેતા શ્રી ધવલભાઈ નંદા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી ભીખુભાઈ વારોતરીયા, પૂર્વ ધારાસભ્ય શ્રી લલીતભાઈ વસોયા અને શ્રી ચિરાગભાઈ કાલરીયા, યુવક કોંગ્રેસ પ્રમુખ શ્રી તોષીફ પઠાણ, મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી રંજનબેન ગજેરા, ગુજરાત પ્રદેશ NSUI મહામંત્રી શ્રી મહિપાલસિંહ જાડેજા, 78 વિધાનસભા યુવક કોંગ્રેસ પ્રમુખ શ્રી શક્તિસિંહ જેઠવા, જિલ્લા ઓબીસી પ્રમુખ શ્રી કલ્પેશ હડીયેલ, કોર્પોરેટરો, સેવાદળ જિલ્લા પ્રમુખ શ્રીમતી રચનાબેન નંદાણીયા, કોંગ્રેસ ના કોર્પોરેટરો શ્રી અસલમભાઈ ખીલજી, શ્રી આનંદભાઈ રાઠોડ, શ્રી અલ્તાફભાઈ ખફી, શ્રી જનમબેન ખફી, શ્રી નૂરમહંમદ પલેજા, શ્રી દાઉદભાઈ નોટીયાર સાથે જામનગર મુલાકાત કરી.

પાર્થિવરાજસિંહ કઠવાડિયા
પ્રવકતા, મો. 9898134146